જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૮/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૪૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૬	૦	૧૧૬૩૬	૧૭૭૪૭	૦	૧૭૭૪૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૬	૦	૧૦૬	૩૬૭	૦	૩૬૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૭૩૪૪	૧૮૫	૬૭૫૨૯	૬૮૧૧૭	૧૯૧	૬૮૩૦૮
કુલ		૮૩૮૧૮	૧૮૫	૮૪૦૦૩	૯૨૪૯૯	૧૯૧	૯૨૬૯૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧૩	૨,૬૩,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૬૨	૧૫,૬૨,૦૦૦/-

ગુમ થયેલ યુવતી શોધી કાઢવા બાબત

રાણીપ પોલીસ સ્ટેશન

ગુમ થનાર યુવતીને શોધી કાઢતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર - ૦૧ અમદાવાદ શહેર તથા મે નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સા શ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ હાલમાં ચાલી રહેલ રાજ્યમાં ગુમથનાર બાળકો અને મહિલાઓને શોધી કાઢવા સારૂ ડ્રાઈવ ચાલુ હોય જે ડ્રાઈવ અનુસંધાને રાણીપ પો સ્ટે હદ વિસ્તાર માથી ગુમથનાર બાળકો અને મહિલાઓને શોધી કાઢવા સારૂ પોલીસ ઈન્સ્પેકટર શ્રી જે.બી.ખાંભલા રાણીપ પો સ્ટે અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ બીપીનકુમાર હરગોવિનદાસ બ.નં ૮૦૦૮ તથા અ.હે.કો રાજેશભાઇ અમરશીભાઇ બ.નં ૫૩૭૭ તથા અ.લો.૨ સુડાભાઈ વિરમભાઈ બ.ન ૧૨૩૧૩ તથા અ.વુ.લો.૨ પારૂલ નરવતસિંહ બ.નં ૧૦૪૯૯ એ રીતેના રાણીપ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના માણસોએ રાણીપ પોલીસ સ્ટેશન જાણવા જોગ નંબર ૨૧/૨૦૨૧ તા-૦૩/૦૫/૨૦૨૧ ના કામે ગુમથનાર ગીતાબેન ડો/ઓ રાજુભાઇ બાબુજી જાતે-વણઝારા ઉ.વ.૨૦ રહે-વણઝારાની ચાલી રાણીપ પોલીસ લાઇનની બાજુમાં રાણીપ અમદાવાદ શહેર નાઓ ગઇ તારીખ ૦૧/૦૫/૨૦૨૧ ના રાત્રી ના કલાક ૨૩/૦૦ વાગ્યાની આસપાસ કોઇને કંઇપણ કહ્યા વગર પોતાના ઘરેથી નિકળી ગુમ થયેલ હોય જે ગુમ થનારની તાપાસના કામે જરૂરી મોબાઇલ નંબર આધારે અ.પો.કો દિલીપકુમાર હીરાભાઈ બ.ન ૮૮૧૬ નાઓએ કોલ ડીટેઇલ નું એનાલીસીસ કરી લોકેશન મેળવી ટેકનીકલ રીતે મદદ કરી ગુમથનારની તપાસ ગામ કોળીવાસ શીકારપુરા સીકપુરા તા.ભચાઉ જિ. કચ્છ તથા ગામ મકાનસર તા.જિ મોરબી એમ અલગ-અલગ જગ્યાઓએ મોબાઇલ ફોનના લોકેશન તથા જરૂરી સી.સી.ટી.વી ફુટેજ મેળવી ખંતપુર્વક તપાસ કરી ગુમથનારને શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તારીખ ૦૮/૦૮/૨૦૨૧



વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

છેલ્લા પાંચેક માસથી પાલડી પોલીસ સ્ટેશનના ચીલઝડપના ગુનામાં તથા નારોલ પોલીસ સ્ટેશનના વાહનચોરીના ગુનામાં નાસતા ફરતા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ અવારનવાર સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં.૮૭૩૪ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.રવિરાજસિંહ મહિપતસિંહ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે " નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૨૧૮/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં સંડોવાયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નારોલ સર્કલ પાસે ઉભેલ છે. તેણે શરીરે પીળા કલરનુ શર્ટ તથા કાળા કલરનુ જીન્સ પેંટ પહેરેલ છે. "જે બાતમી હકીકત આધારે તપાસ કરતાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર મળી આવતાં તેની નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૦૨૧૮/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં જુવેનાઈલ એકટ મુજબ કાર્યવાહી કરી જુવેનાઈલ અધિકાશ્રી રૂબરૂ પુછપરછ કરતાં તેણે પાંચ માસ અગાઉ પાલડી ભગવાનનગરના ટેકરા ચાર રસ્તા પાસેથી એક ભાઈના ખિસ્સામાંથી મોબાઈલ ફોન ચીલઝડપ કરેલાની કબુલાત કરેલ હોય જે બાબતે તપાસ કરતાં પાલડી પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૬૨૧૦૧૪૭/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેમાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને નજરકેદ કરવાનો બાકી હોવાથી વધી લખાવી સોપવાની તજવીજ કરી પાલડી પોલીસ સ્ટેશનના ચીલઝડપના ગુનામાં તથા નારોલ પોલીસ સ્ટેશનના વાહનચોરીના ગુનામાં સંડોવાયેલ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૦૯/૦૮/૨૦૨૧

ઈસનપુર પોલીસ સ્ટેશન

ચોરીની હીરો પેશન મો.સા સાથે એક આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૮/૦૮/૨૦૨૧ ના કલાક ૧૩/૩૦ વાગે મહાવીર સ્કુલ ચાર રસ્તા પાસેથી અ.લો.૨ અનિરૂધ્ધસિહ જાલુભા તથા અ.લો.૨ ભરતભાઇ લક્ષ્મણભાઇનાઓની સયુક્ત બાતમીથી આરોપી આશીષ ઉર્ફે સંજુ સ/ઓ ઇશ્વરભાઇ વડોદરીયા ઉ.વ ૨૦ રહે,મ.નં બી/૩૩ કાશી વિશ્વનાથ સોસાયટી વિભાગ-૧ મધુવન પાર્ટી પ્લોટની બાજુમા ઇસનપુર અમદાવાદ શહેરનાને ચોરીમા ગયેલ હીરો પેશન એક્સ પ્રો મો.સા નંબર જી.જે-૨૭ એ.ડી-૪૫૭૩ એન્જીન નંબર JA12ABE9D07375 તથા ચેસીસ નંબર MBLJA12ACE9D06988 કિંમત રૂપિયા ૩૫,૦૦૦/-સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૨૯૭૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૧૦/૦૮/૨૦૨૧



પેરોલ રજા ઉપરથી ફરાર આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૨૯/૨૦૧૨ ઇ.પી.કો કલમ ૩૦૨ મુજબના ગુનામાં પાકા કેદી તરીકે જેલમા રહેલ અને પેરોલ રજા ઉપરથી ફરાર આરોપીને પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા તથા પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના મળેલ હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ તા ૦૯/૦૮/૨૦૨૧ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ચંડોળા તળાવ ફઝલ કિરાણા સ્ટોરની સામેની ગલીમા નવાબનગરના છાપરા શાહઆલમ ખાતેથી લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભાનાઓને મળેલ સયુક્ત બાતમી આધારે ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૨૯/૨૦૧૨ ઇ.પી.કો કલમ ૩૦૨ મુજબના ગુનામાં પકડાયેલ અને પાકા કેદી તરીકે સજા ભોગવી રહેલ આરોપી શરીફખાન સ/ઓ સલીમખાન પઠાણ ઉ.વ ૩૦ રહે ફઝન કિરાણા સ્ટોરની સામેની ગલીમા નવાબનગરના છાપરા ચડોળા પાળ શાહઆલમ અમદાવાદ શહેરનાનો સાબરમતી જેલમાથી તા ૧૭/૦૭/૨૦૨૧ ના રોજ પેરોલ રજા ઉપર છુટેલો અને તા ૦૧/૦૮/૨૦૨૧ ના રોજ પરત જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તે જેલમા પરત હાજર ન થઇ ફરાર થઇ ગયેલ તેને તેના ઘર આગળથી તા ૦૯/૦૮/૨૦૨૧ ના કલાક ૧૧/૦૦ વાગે પકડી પાડી બાકીની સજા ભોગવવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા ૧૦/૦૮/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૪૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ અને ૫૫ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૪,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૫૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૪૫૧/૨૦૨૧**

સેટેલાઈટઃ અમિતભાઇ મુકુન્દરાય પ્રધાન (ઉ.વ.૪૧) (રહે. પારસકુંજ સોસાયટી વિભાગ-૧ ઉમિયા વિજય બસ સ્ટોપ પાસે શાલીગ્રામ ફ્લેટની ગલીમાં સેટેલાઈટ) એ તા.૦૯/૦૮/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૧ ના રોજ દિવ્ય ભાસ્કર વર્તમાન પત્રમાં VSF GLOBAL SPONCER નામથી અમેરીકા લંડન ખાતે જવા માટે વર્ક વિઝા માટેની જાહેરાત આપી સંપર્ક નંબર મોબાઇલ નંબર ૮૮૬૬૭૩૬૬૧૩ આપતા અમિત્ભાઈ પ્રધાનએ મોબાઇલ નંબર ૮૮૬૬૭૩૬૬૧૩ ના ધારક સાથે વાત કરતા તેઓએ બે દીવસમાં વિઝા અપાવવાનો વિશ્વાસ આપતા અમિતભાઈ પ્રધાને તથા પોતાની પત્નીના ડોક્યુમેન્ટ જાહેરાતમાં જણાવેલ ઇ-મેઇલ એડ્રેસ dreamland999@gmail.com પર મોકલી આપેલ અને ચાર્જ પેટે એક્સીસ બેંક એકાઉન્ટ નંબર ૯૨૦૦૧૦૦૫૯૫૦૪૮૪૯ પર રુપિયા ૨૫૦૦૦/- ભરાવડાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.લીંબોલા ચલાવે છે.

રખિયાલઃ સુરેશભાઈ છોટેલાલ વર્મા (ઉ.વ.૫૬) (રહે. બેલાપાર્ક સોસાયટી અંબિકાનગર ઓઢવ) એ તા.૦૯/૦૮/૨૦૨૧ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ડાયરેક્ટર શરદ સિંધાનિયા ''સેમ એન્ટરપ્રાઈઝ પ્રા.લી.'' અસ્ટરલ સેન્ટર ચોથો માળ એન.એમ. જોશી માર્ગ મુંબઈ નાઓ પાસેથી મીનરલ હાઈડ્રોકાર્બન ઓઈલ ખરીદ કરવા બાબતે ઓળખાણ થતા અવાર-નવાર વ્યવહાર કરેલ હતો. ત્યારબાદ તા.૨૬/૦૬/૨૦૨૦ થી તા.૦૯/૦૮/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ડાયરેક્ટર શરદ સિંધાનિયા નાઓ પાસેથી મીનરલ હાઈડ્રોકાર્બન ઓઈલ ખરીદ કરવા ઓર્ડર કરતા તેઓએ એડવાન્સ પૈસા જમા કરાવવાનુ કહી તેઓની કંપનીના બેંક ખાતામાં ઓનલાઈન આર.ટી.જી.એસ.થી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- જમા કરાવડાવી. ઓર્ડર મુજબ મીનરલ હાઈડ્રોકાર્બન ઓઈલનો જથ્થો નહી આપી તેમજ એડવાન્સ જમા કરાવેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.નિનામા ચલાવે છે.

કાલુપુરઃ સુજન જગન્નાથ બયરાગી (ઉ.વ.૩૭) (રહે.પુષ્પક સોસાયટી મોની હોટલની ગલીમાં ઇસનપુર) એ તા.૦૯/૦૮/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુજન બયરાગી રતનપોળ શેઠની પોળ નાગર સદન માર્કેટમાં આવેલ "એસ.જે.જ્વેલર્સ" નામની દુકાન ધરાવી સોનાના દાગીના બનાવવાનુ કામ કરતા હોઈ માહે નવેમ્બર/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જયેશભાઇ ચંદ્રકાંતભાઇ સોની (૨) પંકજભાઇ સોની (બન્ને ઠે. પી.જે.ઓર્નામેન્ટ, ઠે.૯૦૭/૯, નવમો માળ, બાલાજી હાઇટ્સ, સી,જી,રોડ પાસે, નવરંગપુરા) અને (૩) નિમેશભાઇ ઉર્ફે નૈનેશ રમણીકલાલ સોની (રહે. સંતુષ્ઠ ફ્લેટ, ગ્રાઉન્ડ ફ્લોર, ડોક્ટર હાઉસ સામે, એલિસબ્રીજ) એ ભેગા મળી અવાર-નવાર સોનાના દાગીનાનો ઓર્ડર આપી સુજન બયરાગી પાસે દાગીના બનાવડાવી વિશ્વાસમાં લઈ એક કિલોગ્રામ સોનાના દાગીના બનાવવા ઓર્ડર આપતા સુજન બયરાગીએ પોતાની પાસેના સોનામાંથી ૯૯૦ ગ્રામ ૪૬૦ મીલી સોનાના દાગીના કિમત રૂપિયા ૪૨,૮૬,૪૯૭/- બનાવી આપ્યા હતા. જે સોનાના દાગીના કિમત રૂપિયા ૪૨,૮૬,૪૯૭/- મેળવી લઈ તેમજ સોનાના દાગીના મજુરીના રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૮૬,૪૯૭/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

ઓઢવઃ ધર્મેશભાઇ સ/ઓ ગેલપ્પા લીંગપ્પા આડકી (ઉ.વ.૪૦) (રહે. ઇશ્વરકૃપા સોસાયટી અર્બુદાનગર ઓઢવ) એ તા.૦૯/૦૮/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૪/૨૦૨૧ થી તા.૨૧/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ધર્મેશભાઈના મોબાઈલમાં મેસેજ આવેલ જેમાં રોજ ૨૦૦૦ થી ૧૨,૦૦૦ રૂપિયા કમાઓ તેમજ એક લીંક મોકલી હતી. જે લીંક ખોલતા જેમાં મોબાઈલ નંબર ૯૧૦૨૯૫૦૬૨૫ અને ૭૭૮૧૯૮૭૩૦૬ આપેલ હતા. જે મોબાઈલ પર સંપર્ક કરતા મોબાઈલ નંબરના ધારકે ધર્મેશભાઈને લીંક ખોલાવી લીંકમા હોમ પ્રોડ્કટની ખરીદી કરી કમીશન આપવાનુ જણાવી ધર્મેશભાઈના મોબાઈલ પર પ્રોડ્કટની ખરીદી મેસેજ કરી કુલ રૂપિયા ૧,૫૪,૪૩૯/- અલગ-અલગ પ્રોડકટની ખરીદી કરાવી તેમજ ખરીદી પેટે કમીશન નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જી.જાડેજા ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૪૫૨/૨૦૨૧</u>**

ઓઢવઃ ભગવતીબહેન ખેમજીભાઇ પ્રજાપતિ (રહે. દિવ્યકુંજ સોસાયટી વસ્ત્રાલ રોડ અમરાઈવાડી) એ તા.૦૯/૦૮/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૮/૨૧ કલાક ૧૨/૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ અંબિકાનગર સ્વીમિંગ પુલની પાસે, પાણીની ટાંકીની બાજુમાં, અંબિકાનગર ગુજરાતી શાળા નંબર-૧ માંથી સિંલિંગ પંખા નંગ-૮, પ્રોજેકટરના સ્પીકર નંગ-૪, ફાયર સેફ્ટીની "લાઈફગાર્ડ "કંપનીની બોટલ નંગ-૭ મળી કુલ કિમત રૂપિયા ૭૧,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પલાસ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૪૫૩/૨૦૨૧**

સેટેલાઈટઃ દીગેશ ધનશ્યામભાઈ અકબરી (રહે.વત્સલ એપાર્ટમેન્ટ,કાપડીયા સ્કુલ પાસે સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૧ સાજના ૬/૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંકના પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી ખોલી અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૫૮,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

સાતમા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૪૫૪/૨૦૨૧**

નિકોલઃ નિકોલ ન્યુ ઇંડીયા કોલોની "સવેરા સાનીધ્ય" ખાતે સાતમા માળે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા શંકરભાઇ કકવાભાઇ ક્લાસવા (મુળવતન.ગામ-બરશાવડા તા-સીમલવાડા જી-ડુંગરપુર રાજસ્થાન) નાઓની સાથે રહેતી તેમની ભાણી અમરતબહેન ડો/ઓ વિક્રમભાઇ રોત (ઉ.વ.૧૩) તા.૦૯/૦૮/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે "સવેરા સાનીધ્ય" સાતમા માળે રમતા-રમતા ગેલેરીમાંથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને સિવિલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૫૫/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ જયંતીભાઇ મોહનલાલ આચાર્ય (ઉ.વ.૬૩) (રહે. સત્યમ બંગલોઝ નિયત સુવર્ણવિલા ઝાયડસ રોડ હેબતપુર થલતેજ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૧ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે હેબતપુર ફાટક પાસે રેલવે ટ્રેક ઉપર ટ્રેનની અડફેટે આવી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

વાસણાઃ હિતેશભાઇ મગનભાઇ ઉભડીયા (ઉ.વ.૨૨)(રહે.કૃષ્ણધામ ઔડાના મકાન, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને મણીનગર આવિસ્કાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૮/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવનેશભાઇ દિલીપભાઇ ચલાવે છે.

ગોમતીપુરઃ સંજયભાઇ દિલિપસિંહ દરબાર (ઉ.વ.૪૦)(રહે.પ્રહલાદનગર ગરીબ આવાસ યોજના સ્વસ્તિક બંગલોઝ પાસે રાયપુર મીલ કમ્પાઉન્ડ રખિયાલ રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૮/૨૦૨૧ કલાક ૫/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ શંકરભાઇ ચલાવે છે.

ખોખરાઃ ધનરાજભાઇ મારૂતિરાવ કુંભારે (ઉ.વ.૫૨)(રહે.ધિરજ હાઉસીંગ સેવન-ડે સ્કુલ પાછળ હરીપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૮/૨૦૨૧ સાજના ૭/૩૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિપુલગીરી ભનુગીરી ચલાવે છે.

દાણીલીમડાઃ ચંદ્રકાંતભાઇ ભીમાભાઇ પરમાર (ઉ.વ.૬૦)(રહે.મોહનનથ્થુની ચાલી, ચેપીરોગ હોસ્પીટલ સામે બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ભીમાજી ચલાવે છે.

નારોલઃ પ્રજ્ઞાબહેન વા/ઓ ગુલામરજા અંસારી (ઉ.વ.૨૨)(રહે.ન્યુ આશીયાનાનગર બાગેકૌશર મસ્જીદ પાસે, વટવા કેનાલ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસિન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન કલાક ૧૨/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી